






ખરીદાઇ જાય ફરજ, નિષ્ઠામાં મૂકાય સૂરંગ!
અને વિકાસની માપપટ્ટીથી જ મપાય સૂરંગ!
ખોદાય સૂરંગને ઉંડે કૂરચા વ્યવસ્થા-તંત્રનાં -
ફૂટેલા સત્તાધીશોનાં કર્તવ્યમાં ચંપાય સૂરંગ!
(મેરી સરકાર મેં સૂરંગ?!)




કહી ન શક્યાં,
શબ્દોમાં, શરમથી -
બોલશે ફૂલો..
(વેલેન્ટાઇન ડે)

..ને છે શુભેચ્છા,
મ્હેકે જીવન સૌનાં
ખીલે વસંત..
(વસંત-પંચમી)

## ચિંતન

**બુભુક્ષિતૈ વ્યાકરણં ન ભુજ્યતે, પિપાસિતૈઃ કાવ્યરસો ન પીયતે ।**
**ન છંદસા કેનચિદુદ્ધૃતં કુલં હિરણ્યમેવાર્જય નિષ્ફલા ગુણાઃ ॥**

'જે જન ભૂખ્યું છે, જેના પેટમાં ખાડો છે એનાથી કંઇ વ્યાકરણ ખાઇ શકાતું નથી, અર્થાત્ વ્યાકરણની જાણકારી હોય તો પણ કંઇ તેનાથી પેટ ભરાતું નથી. જે તરસ્યો છે, તરસ લાગી હોય એવો જનનું કાવ્યનાં રસથી કંઇ તરસ છિપાતી નથી, તૃષા શાંત કરી શકાતી નથી, એટલે કે કેવળ વેદજ્ઞાન અથવા શાસ્ત્રોના જ્ઞાનથી કોઇ કુળનો ઉધ્ધાર કરી શક્યો નથી, અર્થાત્ માત્ર વિદ્વતા કે પંડિતાઇથી પેટ ભરાતું નથી; માટે હે ભાઇ! તું સોનું જ મેળવ! કારણ કે ધન-દોલત-સમૃધ્ધિ વિના બધા જ ગુણો નિષ્ફળ છે.'

આજના યુગમાં ગમે તેવો મોટો પંડિત-વિદ્વાન, સાહિત્યકાર હોય પણ - પરિચય-સંબંધો-લાગવગ-વર્તુળ વિના અને આગળ આવવાની તક મળતી નથી. લેખકો-સાહિત્યકારોના વર્તુળ - ચોકા હોય છે. રાજકીય પક્ષોના પણ સ્થાપિત લેખકો હોય છે. જે તે સરકારો બદલે ત્યારે સાહિત્ય સમિતિઓમાં પણ પ્રભાવક બળ બદલાય. આ બધું જ 'પૈસા'ના વિષચક્રથી ચાલતું રહે છે.

ગરીબ વિદ્વાન-સાહિત્યકારો તો કોઇક ખૂણામાં ફેંકાઇ જ જાય છે. આ સમાજ-સંસારમાં પૈસાનું જ મહત્ત્વ છે.

## સુવિચાર

- જે પોતાને સંસ્કારી અને શિક્ષિત સમજતા હોય, એમના જીવનમાં કોઇક તો ઊંચો આદર્શ હોવો જ જોઇએ **- પ્રેમચંદજી**
- જીવનની સહજતા પર, આદર્શોના નામે, આકરા પ્રહારો કરે એવા ધર્મગુરૂઓ કે ઉપદેશકોમાં જરા જેટલો પણ વિશ્વાસ નથી **- ગુણવંત શાહ**
- હૃદયહીન, લાગણી વિનાના, અને દંભી આદર્શો એ સરમુખત્યારના જુલ્મ જેવી છે **- ભૂપત વડોદરિયા**
- જેનો આદર્શ જ 'લુચ્ચા થવું' છે એ વ્યવહારૂં થવું ના બહાને 'પ્રમાણિક' પર તૂટી પડે છે **- પ્ર. ત્રિવેદી**
- આદર્શ પુરૂષો-મહાત્માઓના અસ્તિત્વને કારણે જ આ સંસાર જીવિત છે; સક્રિય અને સમૃધ્ધ છે **- નરેશ પાંડિયન**
- નિષ્કામ ભાવે કર્મો કરવાં એ જ આદર્શ બધા ધર્મો એ આપ્યો છે **- સિસારે પાવેઝ**
- આદર્શોની ધૂનમાં વ્યવહારિકતાનો છેદ ઉડાડવો એ પણ યોગ્ય નથી **- કોરો**

## બોધ કથા

આપણે વાસ્તવમાં, હકીકતમાં જે નથી, જેવા નથી, એવા થવા કે દેખાવાનો, સતત પ્રયત્ન કર્યા કરીએ છીએ અને એના દંભમાં એટલા જાગૃત અને પ્રયત્નશીલ રહીએ છીએ કે, જો જેવા છીએ એવા જ દેખાવા મથ્યા હોત તો તદ્દન સરળ રીતે, મહેનત વગર, આપણે સમાજ, વ્યવહારમાં પ્રતિષ્ઠિત થઇ શક્યા હોત અને એક સરળ-નિખાલસ 'વ્યક્તિ'નો દરજ્જો પણ પ્રાપ્ત થઇ શક્યો હોત! જૂઠ અને જુઠાણું આપણાં લોહી-સ્વભાવ-વિચારધારામાં એવાં તો ઓતપ્રોત થઇ ગયાં છે કે કોઇ 'ડાયાલીસીસ'થી હવે એની દવા ન થાય!

સંત ફ્રાંન્સીસ રમૂજી સ્વભાવના હતા. દેવળમાં પ્રવચનમાં પણ ઘણીવાર મજાક કરી લેતા. માનવ સ્વભાવના દંભ અને જૂઠાણાંવાળા સ્વભાવને એ નજીકથી જાણતા હતા. સંતે પ્રવચનની શરૂઆત કરતાં કહ્યું, આપણે સૌ દંભી અને જુઠા બોલા છીએ..

પ્રાર્થના સભામાં જરા ચર્ચા-ઘૂસપૂસ થઇ. ગમ્યું નહીં સંતે તરત કહ્યું, મારે આજે જુઠાણાં પર જ બોલવું છે. પણ એ સમજવા માટે તમે લોકોએ માર્કનું - બાઇબલનું સત્તરમું પ્રકરણ હશે તો સમજવું સરળ હશે, કેટલાએ વાંચ્યું છે? સભાખંડમાં લગભગ બધા હાથ ઊંચા થઇ ગયા..

સંત ફ્રાંસિસ કહે, બાઇબલમાં માર્કનું સત્તરમું પ્રકરણ છે જ નહીં..

હવે તમને 'જુઠાણાં' બાબત કહેવામાં વાંધો નહીં.. હસાહસ થઇ ગઇ.

# નિર્ભેળ અને પવિત્ર પ્રેમ જળવાય અને સુસંસ્કારની મર્યાદા ન ઓળંગાય તથા સંયમના સિમાડા પાર ન થાય, તેનું નામ સાચો - ઉમદા પ્રેમ!

### આજે વેલેન્ટાઇન ડે - પ્રેમદિન
### પ્રાસંગિક
**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

આજે ૧૪મી ફેબ્રુઆરી, એટલે કે શિશિરની ઓસરતી કડકડતી ઠંડીનો અને વિદેશમાંથી આયાત થયેલ વેલેન્ટાઇન ડેની, આજની આપણી યુવાપેઢી દ્વારા અનોખી અને અવનવી ઉજવણીનો "પ્રેમદિન"નું ક્યાંક સલૂણું અને ક્યાંક હિબકાં ભરતું અલૂણું સવાર!

સંત વેલેન્ટાઇન એટલે એક નિઃસ્વાર્થ, નિર્મળ અને નિર્ભેળ પ્રેમના પુરસ્કર્તા. તેમના વલણથી સમકાલીન સત્તાધીશો નારાજ થતાં, તેમને મૃત્યુદંડ આપવામાં આવ્યો. પ્રેમની ઉત્કૃષ્ટ ભાવના પાછળ શહિદી વહોરનાર ઓલિયાનો આ શહિદદિન એટલે કે - ૧૪મી ફેબ્રુઆરી તે "વેલેન્ટાઇન ડે" - પ્રેમદિન!

"વેલેન્ટાઇન ડે" એ આમ તો નિઃસ્વાર્થ પ્રેમની સ્વીકૃતિ અને અભિવ્યક્તિનો અહેસાસ દાખવવાનો તહેવાર છે, પરંતુ તેમાં દેખાદેખી અને પ્રેમના નામે વિકૃતિ અને સ્વચ્છંદતાએ સ્થાન લીધું છે. વિદેશમાંથી આયાત થયેલ આ દિવસે, પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવામાં અટવાયેલ આપણી આજની યુવાપેઢી દ્વારા મર્યાદાઓને ઓળંગીને, પ્રેમની અભિવ્યક્તિની ઉજવણીના નામે "વેલેન્ટાઇન ડે"ની કુપ્રદર્શન અને વિકૃતિભરી ઉજવણી થાય છે. આ અભિવ્યક્તિએ ફક્ત બે જુવાન હૈયાની નહીં, પરંતુ બે દેહના મિલનની, વાસનાની પરિપૂર્તિની એક ચરમસીમા બની ગઇ છે. પ્રેમના નામે પ્રેમીઓની પ્રણયલાલસાની એક કઢંગી ફેશન પરેડ બની છે! પ્રેમના નામે છૂપી વાસનાને પોષવાની - સંતોષવાની અને દંભ તથા દેખાડો કરવાની, પાશ્ચાત પરંપરાને પગલે તેના રંગે રંગાવાની અને નાદાન છોકરીઓને ફસાવવાની એક રીતરસમ બની ગઇ છે! છૂપા ષડયંત્રની જેમ! છડેચોક વરવા પ્રદર્શનો થાય છે અને મા-બાપ આ જાણતાં હોવા છતાં, અજાણ્યાં હોવાનો દંભી ડોળ કરીને કે પોતે અતિઆધુનિક હોવાનાં ખ્યાલોમાં તણાઇને આ બદીને પોષે છે - નવાજે છે! અણછાજતી છૂટછાટ લેતાં બાળકોને પ્રાશ્ચાત કેળવણીના ઓથા તળે ચલાવી લે છે. નવા નવા કન્સેપ્ટોથી પ્રેમની અભિવ્યક્તિ થતાં "વેલેન્ટાઇન ડે"ની ઉજવણીનો ટ્રેન્ડ બદલાયો છે. ગુલાબ અને પ્રેમનાં સંદેશાનું વાહન અને પ્રેમની અભિવ્યક્તિનું સાધન બન્યું છે! સ્ટાર હોટલોમાં કેન્ડલ લાઇટનાં ડીનરનાં આયોજનો થાય છે અને મલ્ટીપ્લેક્સ થિયેટરો ઉભરાવા લાગ્યાં છે. ગાર્ડનમાં ક્યાંક ખૂણો ખાલી નથી! રંગબેરંગી ફૂલો, દિલ આકારનાં બુકે રૂા. ૬૦ થી લઇ ૧૦૦૦ સુધીનાં કાર્ડઝ-ડિઝાઇન કાર્ડઝ, મ્યુઝિક કાર્ડઝની આપલે થાય છે.



ઉન્માદ અને વાસનામાં ચકચૂર બનેલાં યુવાનોનો નગરના વૃક્ષની ઓથે પ્રેમના નામે રોમાન્સ પાંગરતો દેખાય છે અને યુવાન હૈયામાં દિલની હરેક ધડકનના ધબકારે વલ્ગેરીટી દેખાઇ આવે છે. પ્રેમની અભિવ્યક્તિની ઉજવણીના નામે કુપ્રદર્શન, દંભ, ઉછાંછળાપણું કે વિકૃતિના ભોગ બની પવિત્રતાને અભડાવવામાં આવે તે પ્રમ નથી, નર્યી વાસના છે, વેવલા બની ભારતીય સંસ્કૃતિની પવિત્ર પરંપરાને છોડી, તેનાથી વિમુખ થઇને, પ્રેમનાં નામે વાસનાને સંતોષવામાં આવે તે પ્રેમ નથી.

પ્રેમ એટલે બે વ્યક્તિઓનું નહીં, પરંતુ બે દિલોનું - હૃદયોનું - આભાનું જોડાણ! પ્રેમ એ એક શ્વાસ છે - ઉચ્છવાસ છે - પરસ્પરનો અતૂટ વિશ્વાસ છે! પ્રેમ એ અહેસાસ છે! પ્રેમ એ તો અંતરનાં ઊંડાણમાંથી આપોઆપ - અચાનક પ્રગટે - ફૂટી નીકળે! પ્રેમ માંગવાનો ન હોય તે તો અનુભવી શકાય! પ્રેમ વહેંચવાનો હોય. પ્રેમને શિખવવાનો ન હોય, પ્રેમ એ તો હોવાની એક નિરંતર ઘટતી, ચિરંતન ઘટના છે.

પ્રેમ એટલે બાહ્ય સ્વરૂપે નહીં, પરંતુ આંતરમનની પ્રગટતો, લાગણીનો એક અવિરત પુનિત પ્રવાહ છે. તે દેખાડા વિનાનો, સ્વાર્થવિહીન અને અપેક્ષા રહિત, કંઇક મેળવવાની નહી, પરંતુ કંઇક આપવાની - ત્યાગની ભાવના ભરી, વણથંભી વણઝાર છે. પ્રેમનું મૂલ્ય અમૂલ્ય છે, રૂપિયા-પૈસામાં તેનું મૂલ્ય આંકી શકાય નહીં કે, સોનારૂપામાં તોળી શકાય નહીં, તેવો આત્મવંથના વિહીન અમોલ છે.

પ્રેમ એટલે પ્રભુનું પરમધામ - વાસ! તેનું કોઇ શાસ્ત્ર કે વ્યાખ્યા નથી, કોઇ સિધ્ધાંત કે કોઇ ચોક્કસ સ્થાન નથી, તે ગાગરમાં સાગર સમાન અને બિંદુમાં અગાધ મહાસિંધુ સમાન છે! તે ધગધગતા ધોમ તાપમાં શીતળ છાંયડી અને સુકા વેરાન રણમાં મીઠી વીરડી સમાન છે. પ્રેમની કામના સેવનારે, ઝંખના કરનારાએ ઝૂકવું પડે અને તેને પામવા - મિલનસારૂં દોડવું પડે!

નિર્મળ અને નિર્ભેળ પ્રેમનાં બીજાંકર ફૂટતાં, વરણાગી વસંતના વાયરામાં, ગમતી વ્યક્તિના માત્ર શરીર સ્પર્શથી સંવેદનાનાં સુમધુર ફૂલો ખીલી ઊઠે, ગમતી વ્યક્તિને યાદ ન કરવા છતાં, એકાએક યાદનો ઊભરો આવે, એકને વાગે ને બીજાને દર્દનો અહેસાસ થાય, યાદ આવતાં જ પાંપણો ભીંજાઇ જાય અને આંખોમાં પ્રેમનો અણસાર વર્તાય અને લાગણીઓનાં ઘોડાપુર ઉમટે, વિસ્મૃતિમાં પણ પ્રેમનું સ્મરણ થાય અને યાદની મહેંક, ફૂલની ફોરમની માફક ફોરી ઊઠી અને વિશ્વાસથી વાતને સમજી શકાય!

પોતાના અસ્તિત્વને નિચોવીને કરાતો પ્રેમ એ છે અણીશુધ્ધ, પરિશુધ્ધ, નિઃસ્વાર્ત પ્રેમ! એ છે હરપળ હર જગ્યાએ પૂજાતો પ્રેમ - જ્યાં સ્વાર્થને કોઇ સ્થાન નથી, કોઇ મેલી મુરાદ ભરી આકાંક્ષાઓ કે મહેચ્છાઓ નથી! નથી લોલુપતા કે પરોપકારદર્શન અર્પીને કે લૂંટાવીને પ્રેમમાં કે ખેવના, છે ફક્ત અર્પીને કે લૂંટાવીને પ્રેમમાં મગ્ન રહેવાની ઉદાત્ત ભાવનાં!

શું કામ ૧૪મી ફેબ્રુઆરીની ચાતક નજરે રાહ જોવાની? શું કાયમ ન ઉજવી શકાય - જિંદગીના હરમોડ પર! પ્રેમ માટે કોઇ વાવેતર કરવું પડતું નથી, એ તો અલૌકિક બીજમાંથી એકાએક ફૂટતાં અંકુર જેવો છે, બગીચામાં ખીલતાં ફૂલ જેવો છે, તેમાં હોય કેવળ માધુર્ય! ક્યાંક દંભનો કે દેખાવાનો અંચળો ઓઢ્યો ન હોય! કાળમીંઢ પથ્થરશા પાષાણ હૃદયી માણસને પણ, પ્રેમ પળવારમાં પીંગળાવી દે છે અને ધસમસતાં ધોધની જેમ વહેવા લળો છો અને માનવતાની મહેંકથી જીવન મહેંકી ઊઠી છે, જ્યાં નિઃસ્વાર્થ પ્રેમ છે ત્યાં સ્નેહ-હેત, દયા, સહિષ્ણુતા, સદ્વિચાર, સત્કાર્ય, સદ્ગુણ અને સત્સંગ આપોઆપ - સ્વયંભૂ પ્રગટે છે.

નિર્ભેળ અને પવિત્ર પ્રેમ જળવાય અને સુસંસ્કારની મર્યાદા ન ઓળંગાય તથા સંયમના સિમાડા પાર ન થાય, તેનું નામ સાચો - ઉમદા પ્રેમ! પ્રેમનાં સંબંધની સિસ્ટમમાં જો વાસનાનો "વાયરસ" પ્રવેશી જાય તો, આખી સિસ્ટમને ખોરવી નાખે છે અને પરમાણું બોમ્બના કિરણોત્સર્ગી રજકણોની જેમ વિકલાંગ બનાવી દે છે.

આપણી સંસ્કૃતિની પવિત્ર પરંપરા અને સન્માન જળવાય, સંસ્કારની મર્યાદા ન લોપાય અને સંયમ જળવાય, પ્રેમના નામે પ્રેમ પર બળાત્કાર ન થાય, પ્રેમનું દમન ન થાય તે જોવું એ આપણી એક અદના નાગરિક તરીકેની ખાસ કરીને વયસ્કોની પવિત્ર ફરજ બની રહે છે.

આપણે માણસને પ્રેમ કરવાનો બદલે, સ્વાર્થથી તેને વાપરતાં થયા છીએ અને થઇ ગયા છીએ! તો આવો! આપણે પ્રથમ આપણી જાતને પ્રેમ કરતાં શીખીએ. જો તે શીખીશું તો, અન્ય સાથો આપોઆપ નિર્મેળ અને નિર્ભેળ પ્રેમનાં તાણા-વાણા અવશ્ય ગૂંથાઇ જશે. અને "વેલેન્ટાઇન ડે"ની ગરિમા જળવાઇ રહેશે.

# કપડાં સાદા હશે ચહેરો કાળો અને નિસ્તેજ હશે તો ચાલશે પણ વાણીમાં કટુતા અને વ્યવહારમાં અસંસ્કારીતા તમને કોડીના કરી મૂકશે

### સખીને પત્ર
**- સ્વાતિબા રાઓલ**

પ્રિય સખી,

રોજ સવારે ન્હાઇ-ધોઇને જ્ઞાનનું પોટલું ઉપાડીને સ્કૂલે જતાં બાળકોને જોઉં છું ત્યારે ખુબ ખુશી થાય છે! તેમનો પહેરવેશ, ગંભીરતા અને ઠસ્સો જોઇને તો એમ જ થાય કે આજે જ્ઞાનનો દરિયો ઉલેચાઇ જશે! પણ એ જ વિદ્યાર્થીઓને ટોળે વળીને પાનના ગલ્લે ઉભેલાં જોઇએ કે, સ્કૂલ-ટ્યૂશનમાં બંક મારી બગીચાઓને થિયેટર પર રખડતાં જોઇએ ત્યારે ઉજ્જવળ ભવિષ્યની કલ્પનાઓ જરા ઠેસ ખાઇ જાય છે. વિદ્યાર્થી દેખાવું અને વિદ્યાના જ અર્થે હોવું બંનેમાં ઘણઓ ફરક છે.

માત્ર વિદ્યાર્થીઓ જ કેમ? આપણે સૌ ખરેખર કેવાં છીએ? જેવો આપણે પહેરવેશ અને બાહ્ય દેખાવ છે તેવાં આપણાં અંતર-મન છે ખરાં? બે-ત્રણ દિવસ પહેલાં એક ભાઇ મારી ઓફિસમાં આવ્યો. કપડેલતે ખાસા ભણેલાં અને ઓફિસર કક્ષાના માણસ લાગ્યાં! પરંતુ 'હું અંદર આવી શકું!' પૂછવાનીયે તસ્દી લીધાં વગર, આવીને કોઇ પ્રસ્તાવના કે અભિવાદન કર્યા વગર સીધું જ મને પૂછ્યું, 'મારી બૅબીને સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની છે, તેનાં પ્રવેશપત્રમાં સહી સિક્કા કરી આપો!' ('કરી આપશો? નહિ પણ 'કરી આપો.') મેં જવાબ આપ્યો કે, 'ભાઇ ઉમેદવાર આવ્યાં છે સાથે?' તેમણે ના કહી. એટલે મેં તેમને જણાવ્યું કે ઉમેદવારને જોયા વગર પ્રવેશપત્રના ફોટાની ખરાઇ કઇ રીતે થાય? એટલે તરત બહાર નીકળી ગયા અને જતાં જતાં બોલતાં ગયા... 'કશો વાંધો નહી, બીજા ઘણાંય આચાર્ય મને ઓળખે છે!' આવા અનુભવ જીવનમાં એક નહિ અનેક વખત આપણને થતાં હોય છે. બાહ્ય દેખાવથી સુંદર દેખાતાં લોકો વર્તણૂંકની બાબતમાં સાવ ગરીબ અને બેહાલ હોય છે. તમારી આજુબાજુ જરા નજર નાંખજો... મોંઘામાં મોંઘી ગાડીમાં બેસીને પાન-ગુટખાની પિચકારી મારતાં લોકો, પોતાના હોદ્દા અને સત્તાનો રૂઆબ વાપરી ગરીબ પર દાદાગીરી કરતાં લોકો, જાહેર સભાઓને સંબોધ્યા પછી ઘરમાં વડચકાં ભરતાં લોકો, નારી ઉધ્ધારના સંમેલનમાં હાજરી પુરાવી ઘરનાં વડીલોને ધિક્કારતી સંન્નારીઓ, સૂટ-બૂટ અને ટાઇનો યુનિફોર્મ પહેરી સિગારેટના કસ ખેંચતું યુવાધન... દરેક જગ્યાએ આપણે જોઇ શકીશું કે ખરેખર વ્યક્તિ જેવો દેખાય છે... તેવો હોતો નથી...

ઓળખતાં ન હોઇએ, માંહ્યલા ગુણો ન જાણતાં હોઇએ તો સૂટ પહેરેલાં કે મૅકઅપ કરી સજજધજ થયેલાં ગધેડાને પણ આપણે સજ્જન માની લેવાની ભૂલ કરી નાંખીએ. હું અવાર-નવાર મારાં વિદ્યાર્થીઓને એક વાત હંમેશાં કહેતી હોઉં છું કે, જેટલું ધ્યાન આપણે આપણાં બાહ્ય દેખાવનું સુંદરતાનું રાખીએ છીએ તેનાથી વધુ ધ્યાન આપણાં વાણી અને વર્તનની સંસ્કારિતાનું રાખવું જોઇએ. કપડાં સાદા હશે ચહેરો કાળો અને નિસ્તેજ હશે તો ચાલશે પણ વાણીમાં કટુતા અને વ્યવહારમાં અસંસ્કારીતા તમને કોડીના કરી મૂકશે. આપણાં આષ્ટાવક્ર ઋષિ થઇ ગયાં. આઠ અંગેથી વાંકા આ ઋષિ દેખાવે કદરૂપા હતાં, પરંતુ તેમણે શ્રીકૃષ્ણની ગીતાનો નવો આયામ 'અષ્ટાવક્ર ગીતા' આપણી સમક્ષ રજૂ કર્યો અને વિદ્વતાના કારણે પૂજનીય બન્યાં. સોનાની નગરી ધરાવતો અને સોનાથી લદાયેલો દસ માથાળો રાવણ ક્યારેય આદરપાત્ર બની શક્યો નથી.

માઇકલ એન્જલો એક રસ્તા પરથી પસાર થતાં હતા. તેમણે સંગેમરમરની દુકાન પાસે એક મોટો સંગેમરમરનો પત્થર પડેલો જોયો અણઘડ. તેમણે દુકાનદારને પૂછ્યું, ''બીજા બધા પત્થર સાચવીને અંદર મૂક્યાં છે. આ પથ્થર શા માટે બહાર પડ્યો છે? દુકાનદારે કહ્યું : 'એ પથ્થર બેકાર છે. એને કોઇ મૂર્તિકાર ખરીદવા તૈયાર નથી. તમારે જોઇતો હોય તો એને મફતમાં જ લઇ જાવ. એટલે અહીંથી જગ્યા તો ખાલી થાય. ઘણાં વખતથી અહીં પડ્યો છે. પણ એનું કોઇ ખરીદનાર નથી. તમે કહો તો તમારા ઘર સુધી પણ પહોંચાડી દઉં!'' માઇકલ એન્જેલો એ પથ્થરને પોતાના ઘરે લઇ આવવા આમંત્રણ આપ્યું છે કે, 'મેં એક મૂર્તિ બનાવી છે, તે તમને બતાવવા માંગુ છું.' દુકાનદાર પથ્થરની વાત તો ભૂલી જ ગયો. મૂર્તિ જોઇને તે તો દંગ જ રહી ગયો, આવી અદ્ભૂત મૂર્તિ તેણે ક્યારેય જોઇ ન હતી! જીસસ ક્રાઇસ્ટની એ મૂર્તિ એટલી જીવંત હતી કે તેને વિશ્વાસ ન આવ્યો. તેણે કહ્યું : 'પરંતુ આ પથ્થર તમે ક્યાંથી લાવ્યાં? આટલો અદ્ભૂત પથ્થર તમને ક્યાંથી મળ્યો?' એન્જેલોએ હસતાં હસતાં કહ્યું કે, આ એ જ પથ્થર છે, જે નકામો સમજીને તમે દુકાનની બહાર મૂકી દીધો હતો. અને મફતમાં મને આપી દીધો હતો.' દુકાનદાર માની જ ન શક્યો જે પથ્થરને કોઇ મફત લેવા તૈયાર ન હતું તે પથ્થર ને આ માણસે આટલું રૂપ, આટલું લાવણ્ય, આટલો મહિમા આપી દીધો! તેણે પૂછ્યું, તમને કંઇ રીતે ખબર પડી કે પથ્થરમાંથી આટલી સુંદર પ્રતિભા બની શકે તેમ હતી? માઇકલ એન્જેલો એ કહ્યું : આંખો જોઇએ. પથ્થરોની આરપાર જોનારી આંખો જોઇએ.

આપણાં વ્યક્તિત્વનું પણ કંઇ આવું જ છે. બાહ્ય ટાપટીપ, તો માત્ર છદ્મ છે. એક પળમાં આપણું અણઘડ પણું આપણાં વર્તન દ્વારા છતું થઇ જાય છે. આપણે એવી નજર કેળવવાની છે જે આપણા વ્યક્તિત્વને પારદર્શી રીતે જોઇ શકે. તેના બિનજરૂરી લક્ષણોને છેદીને સુંદર ઘાટ અને આકાર આપવાની ક્ષમતા કેળવવી જોઇએ. મોટા ભાગનાં લોકોનું જીવન અણઘડ રહી જાય છે, બે કોંડીનું એનું મૂલ્ય થઇ જાય છે. પરંતુ તે તમારા જ કારણે. આપણે ક્યારેય તેને ઘડ્યું જ નથી. આપણે ક્યારેય છીણી ઉઠાવી જ નથી પોતાના બિનજરૂરી અપલક્ષણોનો છેદ ઉડાડી ઘાટ આપવાની કોશિશ કરી જ નથી. ક્યારેય એવી ફિકર નથી કે મારં જીવન જે અણઘડ પથ્થર જેવું છે, એક સુંદર મૂર્તિ બની શકે છે. એની અંદર છુપાયેલાં ક્રાઇસ્ટ કે બુધ્ધ પ્રગટ થઇ શકે છે. માઇકલ એન્જેલો કહે છે, 'મેં કાંઇ નથી કર્યું માત્ર જીસસની આસપાસ જે વ્યર્થ પથ્થર હતાં તે કાંઢી નાંખ્યા ને, જીસસ પ્રગટ થયાં.'

રાગ, દ્વેષ, અહંકાર, વ્યસન, મલિનતાના વધારાના પથ્થરો કાઢીએ. જરા છીણી ઉઠાવીએ.અને એક વાત યાદ રાખવી તમને અણઘડ હીરો પણ મળી જાય તો પણ તમે ઓળખી નથી શકવાનાં. કોહીનૂર પણ પહેલ વહેલો જેને મળ્યો હશે તેણે પોતાનાં બાળકોને જ રમવા જ આપ્યો હશે. એક રંગીન પથ્થર! એ જયારે મળ્યો ત્યારથી અત્યાર સુધીમાં તેનું વજન માત્ર ત્રીજા ભાગનું રહી ગયું છે. એને એટલો ઘાટઘૂટ વાળો બનાવવામાં આવ્યો છે, તેના પહેલ પાડવામાં આવ્યાં છે! એટલે જ વજન ઘટી ગયું ને કિંમત વધી ગઇ. જેમતેમ વજન ઘટતું ગયું કિંમત વધતી ગઇ.

જયારે કોઇ વ્યક્તિ પોતાની અંદરના હીરાને તરાશે છે, કાપી કૂપીને ઘાટવાળો બનાવે છે, તો એક દિવસ વજન બિલકુલ સમાપ્ત થઇ જાય છે, વજનહીન થઇ જાય છે. અને મૂલ્ય જ મૂલ્ય રહી જાય છે. રીલ લાઇફનાં હીરો -હીરોઇનની નકલ કરવાની આંધળી દોટમાં રીયલ લાઇફના 'હીરા'નું નૂર આપણે ગુમાવ્યું છે. ચાલો! જરા માહ્યલાને કાપી-કૂપી ને નવતર ઘાટ આપી...

**- તારી સ્વાતિ**

# કફ પ્રકૃતિનો વ્યક્તિ હોય તો તે આદુનું વર્ષ પર્યન્ત નિયમિત સેવન કરી શકે, આદુ આવી વ્યક્તિ માટે રસાયણ સ્વરૂપ છે

### આદુ : એક ઉત્તમ ઔષધ
### નિરામય
**- ડો. કેદાર ઉપાધ્યાય**


શાસ્ત્રોમાં વર્ણીત છે : 'દુનિયાના દસે પદાર્થો ઔષધી સ્વરૂપ છે.' એટલે કે દરેક પદાર્થોમાં એવા ગુણો હોય છે કે જે શરીરમાં ઔષધનું કાર્ય કરે અને નિરોગીતા બક્ષે. જરૂર છે તો એ પદાર્થોના ઔષધીય ગુણને જાણવાની તેમજ તેનો માત્રાપૂર્વક વિવેકપૂર્વક ઉપયોગ કરવાની. અહિ માત્રાપૂર્વક ઉપયોગ ખૂભ અગત્યનો છે. આયુર્વેદમાં વિષ-ઝેરી પદાર્થો પણ ઔષધ સ્વરૂપે વપરાય છે, અલબત્ત ખૂબ જ સુક્ષ્મ માત્રામાં. આમ, વિષયતત્ત્વો પણ શરીરમાં ઉત્તમ ઔષધી તરીકે કાર્ય કરે છે.

આજે આપણે આદુની વાત કરીએ. આદુ એવું ખાદ્ય દ્રવ્ય છે કે જેનો ઉપયોગ રોજેરોજ થતો હોય છે. રોજિંદા ઉપયોગ વખતે આપણે તેના ઔષધીય ગુણો વિષે જાણતા હોવા નથી કે પરવા કરતા નથી આથી તેના ગુણ દોષો અને તેના કારણે શરીરમાં થતી અસરોનો આપણને ખ્યાલ રહેતો નથી. વાસ્તવમાં દાળ-શાક, ચામાં મસાલા સ્વરૂપે વપરાતું આદુ એક ઉત્તમ ઔષધ છે, અને શરીરમાં તે અનેકાનેક સ્વરૂપે ફાયદાકારક છે.

આદુ સુકાય એટલે તેને સૂંઠ કહેવાય. પરંતુ આદુ અને સૂંઠ બંને એક જ પદાર્થો માની લેવાની જરૂર નથી. સૂંઠનાં ગુણઓ અમુક અંશે આદુથી જુદા છે. આદુ પચવામાં ભારે છે જયારે સૂંઠ હળવી છે. આદુ રૂક્ષ છે. એટલે કે શરીરના દ્રવ્ય તત્ત્વને ચૂકવે છે. જયારે સૂંઠ સ્નિગ્ધ છે એટલે કે સુંવાળપ લાગે છે. આદુ ઝાડો સાફ લાવે છે જયારે સૂંઠ મળના વેગને અટકાવનાર છે.

આદુને તેના ગુણોને કારણે આચાર્યોએ વિશ્વભેષજ (વિશ્વનું ઔષધ) તેમજ મહૌષધ (મહા ઔષધ) એવા નામ આપ્યાં છે. તો ચાલો આવા મહા ઔષધ આદુના ગુણોને ચકાસીએ.

આદુ સ્વાદે તીખું તથા ગળ્યું છે, ખૂબ તીક્ષ્ણ છે. પચ્યા બાદ મધુર બને છે. ઉષ્ણવિર્ય છે. શરીરમા ંસ્નિગ્ધતાનો નાશ કરી રૂક્ષતા જન્માવે છે (સુકાપણું), હૃદય તથા કંઠ માટે હિતકર છે. કબજીયાત દૂર કરે છે. ભૂખ ઉઘાડનાર છે. રૂચિ ઉત્પન્ન કરે છે. પાચક છે. કફના રોગો તેમજ સોજો, અરૂચિ, ખાંસી, દમ, અપચો, આફરો, કબજીયાત, ઉલ્ટી, શૂળ, હરસ, સાંધિવાત, જલોદર આદી રોગો મટાડે છે.



અનેક રોગોનું કારણ અપાચન છે. આદુ શરીરમાં ભૂખ લગાડી, અપાચનને પણ દૂર કરે છે આથી તેને કારણે ઉદ્ભવતા અનેક રોગો શાંત થાય છે. આદુ હોજરીમાં રહેલ પાચક રસોની વૃધ્ધિ કરે છે. આથી ખોરાક બરાબર પાકે છે. અપકવ ખોરાક કે જેને આયુર્વેદમાં 'આમ' કહે છે તેના કારણે અનેક રોગો જન્મે છે. આદુ આ અપક્વ ખોરાકનો પાક (પાચન) કરી નાખે છે.

હાલ વસંતઋતુનું આગમન છે. આ કાળે કફનો પ્રકોપ થાય છે. આદુનો વિવેકપૂર્વક ઉપયોગ કફના ઘણાખરાં રોગોને દૂર કરે છે. જો કે , આદુ દરેક પ્રકૃતિના લોકોને હિતકર નથી. જેની પિત્ત પ્રકૃતિ હોય તેને આદુ માફક ન આવે એમ પણ બને, ગરમીના રોગો જેવા કે એસીડીટી, રક્તપિત્ત, ગૂમડા, લોહીવિકાર આદી રોગોમાં આદુનો ઉપયોગ ન કરવો. એવી જ રીતે ઉનાળામાં (ગીષ્મ) પણ આદુનો મર્યાદીત ઉપયોગ જ કરવો. આદુના કેટલાંક ઔષધીય પ્રયોગો જોઇએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

### આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

#### ૧૪મી ફેબ્રુઆરી

- સંત વેલેન્ટાઇનની સ્મૃતિમાં ૧૪મી ફેબ્રુઆરીએ વેલેન્ટાઇન ડે ઉજવાય છે. રોમન સમ્રાટના જુલ્મી કાયદાઓનો વિરોધ કરીને પ્રજા - સૈનિકોને પ્રેમનાં સૂત્રે બાંધનારાં આ સંતે જીવન આહૂતિ આપી તેના માનમાં ઉજવાતો આ દિવસ આજે પ્રેમની મંગલ પરંપરા - પ્રેમોત્સવના દિવસ તરીકે મનાવાય છે.



- સૌંદર્ય દેવી સમાન અભિનેત્રી મધુબાલાનો જન્મદિન - ૧૯૩૩.

મહલ, આશા, કામિની, કાલાપાની, મિસ્ટર એન્ડ મીસીસ ફાઇવ, ચલતી કા નામ ગાડી, મુગલ-એ-આઝમ અને નીલકમલ તેની ભૂમિકાને લીધે ચિરસ્મરણીય ફિલ્મો બની, ભારતીય ફિલ્મ સૃષ્ટિની અજોડ તારિકા.

- હવાઇ ટાપુઓનાં શોધક ઇંગ્લેન્ડનાં શોધ-સફરી ઉત્તરની છેક બેરિંગની સમુદ્રધૂની પાર કરનારા જેમ્સ કૂકની પુણ્યતિથિ - ૧૭૧૯.
- ચીનાઓએ યોજેલા કાર્યક્રમમાં - જોહનિસબર્ગમાં મહાત્મા ગાંધીએ ભાષણ આપ્યું.
- ૧૩ વર્ષની વયે અકબર - ૧૫૫૬માં ગાદીએ બેઠો.
- બેંક ઓફ ઇન્ડિયાના સ્થાપક જેઠાલાલ ઠક્કરનો જન્મ - ૧૯૦૨.
- ૧૪૬૮ - છાપવાની કલાના શોધક ગેટનબર્ગનું અવસાન.
- ૧૯૨૦માં દેશભક્ત ડી. સંજીવૈયાનો જન્મ અનુસૂચિત જાતિમાંથી કોંગ્રેસના સૌ પ્રથમ પ્રમુખ બન્યાં.